સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૯૫ / શુમારો : ૧૧ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૦+૨

مِشْكٰوة الهادي
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ ઝીલકાદ ૧૪૩૨ હિ., ૨૮-૯-૨૦૧૧

# -::: રૂકાવટ :::-

કુરઆને કરીમ, ફુરકાને હકીમમાં બયાન છે કે, અલ્લાહતઆલા આસમાનો અને ઝમીનનો માલિક છે, જે ચીઝો તેનામાં અને તેના દરમિયાન છે તે સઘલી એની ફરમાઁબરદાર છે. અલ્લાહતઆલા આસમાનો અને ઝમીનને અજીબો ગરીબ તૌરથી પૈદા કરનાર છે. યાઅની એ **"બદીઅ"** છે; પહેલામાં પહેલો પૈદા કરનાર છે, યાઅની એ **"મુબ્દેએ અવ્વલ"** છે. એ કોઈ પણ ચીઝને કોઈ પદાર્થ, નમૂનો, મકાન, વક્ત, ઔઝાર યા મશીન બગૈર પૈદા કરનાર છે. જે વક્ત એ કોઈને પૈદા કરવાનો ઈરાદો કરે છે, **તો કહે છે કે, "કુન" - થઇ જા; તો "ફયકુન" - તે થઇ જાય છે.**

ઔલિયાઉલ્લાહ (અ.સ.) નસીહત ફરમાવે છે કે, અલ્લાહતઆલાની આ સલ્તનતમાં બેશુમાર ચીઝો છે જે ઘણી જ તાકતવર છે, પણ તે ચીઝો અલ્લાહના ઈરાદા અને અમલ દરમિયાન રૂકાવટ બનતી નથી. કોઈ પણ ચીઝનો એ મોહતાજ નથી અને પોતાના કામમાં એ ઘણો જ કામિલ છે, ચુસ્ત છે, વચનને પાલનાર છે અને જે ચાહે તે કરી ગુઝરનાર છે. અય ઈમાનદારો, તમેં તમારા રબની આ કાએનાતમાં નઝર નાંખો અને હર ચીઝને ઈબરતની નિગાહથી જોવ. જે મુજબ બીજી મખ્લૂક પોતાના ઈરાદામાં પાકી હોય છે, તેમ તમેં ઈન્સાન હોવાને નાતે તમારા અમલમાં તમેં ચોખ્ખા, મઝબૂત, સાચા અને હર મુસીબતનો સામનો કરવા વાસ્તે તૈયાર હોવા જોઈએ.

કોઈ શિકારી એમ કહે કે, જે વક્ત શિકાર કરવા વાસ્તે મારી નઝર પંખીની આઁખ ઉપર હતી, તે વક્ત હું મારી પૂરી તાકત અને ફનકારીથી તે પંખી પર નિશાનો તાંકી શિકાર કરી શકો. હવે જે વક્ત પંખી ડાલી પર બેસું હતું અને તેના આસપાસ દરખ્તના પત્તાઓ પર મારી નઝર હતી અને નિશાનો તાંકવા વાસ્તે મારા દિલમાં સુકૂન ન હતું, તેથી આ બધી રૂકાવટો દૂર કરવામાં મારી તમામ તાકત અને સુલાહીયત ખર્ચાઇ ગઈ અને પંખી મારા નિશાના પરથી છટકી ગયું. મારી રૂકાવટો દૂર કરવા વાસ્તે જેટલો વક્ત અને તાકતની મને ઝરૂરત હતી તેટલી હદ તક જ મેં ઈસ્તેમાલ કીધી, પણ શિકાર વાસ્તે મેં એટલી તાકત ભેગી ન કરી શકો જેથી મેં મારા ઈરાદાને પૂરો કરી શકું. **મેં જોયું કે, જે વક્ત મારી નઝરમાં મારો ટાર્ગેટ બેસી જાય છે, તો રૂકાવટો ને ધ્યાનમાં લીધા બગૈર મેં મારી પૂરી તાકત અને સ્ફૂર્તિથી શિકાર વાસ્તે આગલ વધી જાઉં છું.** જેમ એક નદી, દરિયાને મિલવા દોડે છે અને તેને ઊંચા પહાડો રોકી શકતા નથી, મોટા પત્થરો રોકી શકતા નથી, તે જ તરીકા પર મને કોઈ પણ રૂકાવટ મારા શિકાર કરવાની રાહમાં આડે આવતી નથી, જે વક્ત મારા દિમાગ અને મારી નઝરમાં શિકારને હાસિલ કરવાની નિય્યત પુખ્તા હોય છે. તેથી, મને યકીન થાય છે કે મારા રસ્તાની રૂકાવટો કરતા મારા રસ્તાથી મારી મંઝિલ તરફ કૂચ કરવા વાસ્તે મારી તાકત અને તૈઝી ઘણી ઘણી ઝિયાદહ છે.

રૂકાવટો બે તરહની હોય છે, એક જિસ્માની અને બીજી ઝહેની. જિસ્માની રૂકાવટ નઝરથી દેખાય છે પણ ઝહેની રૂકાવટ નુકસાનકારક છે જે દેખાતી નથી અને તેને મિટાવવા વાસ્તે પણ ઘણી તાકત અને વક્ત ખર્ચાઇ જાય છે. ખૈરના કામોમાં રૂકાવટો આવે છે, આડાશ પૈશ થાય છે. પણ, બલંદ ઈરાદા સામે બધી જ રૂકાવટોની જડો ઢીલી પડી જાય છે અને અલ્લાહતઆલાને નઝદીક એ ઈન્સાનના બલંદ દરજા હોય છે, જે હરએક રૂકાવટોને પોતાના

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**તમામ કરતા બદતરીન કમાઈ, વ્યાજની કમાઈ છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***રૂકાવટ....***

ઈરાદાથી કચડીને ખૈર કામ કરવાની મંઝિલ પર પહોંચી જાય છે. અંબિયા (અ.સ.) ની ઝિમ્મેદારી એ જ હતી કે, લોગોને પોતાના રબના પૈગામ પહોંચાવીને ઈબાદત કરવા તરફ દાઅવત કરે. આ કામ ઘણું જ મુશ્કિલ હતું, **જ્યાં રૂકાવટો દુશ્મનોની શિકલમાં પહાડની ચટ્ટાનો જેમ ઊભી હતી.** પણ અલ્લાહતઆલાએ પોતાના અંબિયાને એવી હિમ્મત અને સબર આપો હતો કે, આ ચટ્ટાનો પણ એમના અઝમે કવી -સાબિત કદમી સામે મોમ બની ગઈ હતી.

હસ્બે માઅમૂલ અપને ફજરમાં જલ્દીથી બૈદાર થાવા વાસ્તે શરદીની મૌસમમાં એલાર્મ મુકીએ છીએ. તે જે વક્ત વાગે છે કે, તરત જ અપને તેને બંધ કરીને ઊંઘને થોડી વધારે ખેંચી લઈએ છીએ. યહાઁ, મૌસમની ઠંડક યા ઊંઘ રૂકાવટ નથી પણ સહી વક્ત પર નમાઝ વાસ્તે ઉઠવાની નિય્યતમાં કમ્ઝોરી છે, જે રૂકાવટ બને છે. અગર વહેલી ફજરમાં બસમાં કોઈ જગાએ જાવાનું હોય, બસ એક જ હોય, જાવાનું ઘણું જ ઝરૂરી હોય તો એલાર્મના વાગતા પહેલા અપની આઁખ ચાર થઈ જાય છે, સુસ્તી ગાયબ થઈ જાય છે. કોઈ પણ હાલતમાં ફજરમાં જલ્દીથી ઉઠી જાવું જો અપના ટાર્ગેટ પર હશે, તો કોઈ રૂકાવટ અપને તે કરવાથી રોકી શકતી નથી.

હકીકતમાં ખિદમતે કૌમો મિલ્લત કરવાની આજના અપના જવાનોમાં બેહદ તાકત અને કૂવત છે, પણ આ તાકતની હદ તેઓ બે તરીકાથી નક્કી કરી લે છે. એક રૂકાવટો દૂર થાય તેને નઝરમાં રાખીને અને બીજું એના ટાર્ગેટ-હદફને અલા કુલ્લે હાલ હાસિલ કરવાની નિય્યત કરીને. રૂકાવટને દૂર કરવા ઘણી ઓછી તાકત લાગે પણ મંઝિલે મકસૂદ-હદફ તરફ પહોંચવા વાસ્તે **નેક નિય્યત, ઇખ્લાસે અમલ અને ખુદ પર એતેમાદ** ઝરૂરી છે, કે જે એક મોટી તાકતનું કામ કરે છે. તો જ હિદાયતનુમાની હિદાયત, તાઈદે ઈમામુઝઝમાન (અ.સ.) અને દોઆએ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) કામ લાગી શકે છે. જો અગર અપનો તવજ્જોહ અપના હદફ તરફ હશે તો અપની ઝાતમાં પૈદાશુદા તાકત ઉભરાઈ આવશે અને પલભરમાં બધી જ રૂકાવટોનો હલ લાવી શકાશે.

મૌલાના અલી મુશ્કિલકુશા (અ.સ.) ની સાથે આપના મુરબ્બી-મુઅલ્લિમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હિમાયત અને હિમ્મત હતી. ફત્હે ઈસ્લામનો હદફ અને કાઅબાથી બુતોની નાપાકીને દૂર કરવાનો મકસદ આપની નઝરના સામે હતો. તેથી આપ જંગે તબૂક સિવાય બીજી તમામ જંગો જિદાલમાં નબી સાહબને સાથે રહ્યા અને આખિરકાર અલ્લાહતઆલાએ સફરે ફત્હે મક્કાના કઠીન રસ્તાની તમામ રૂકાવટો દૂર કરીને **મક્કામાં ઇસ્લામની અમ્નો સલામતીનો મુબારક ઝંડો બલંદ** કરવાની આપની ઉમ્મીદને પૂરી કરી આપી. આ જ આપની જેહાદનો મોટો હદફ અને આખિરી ટાર્ગેટ હતો અને તે પણ કોઈ ખૂઁરૈઝી, જંગ કે કત્લ બગૈર. આપની આ જેહાદ અને મશક્કતથી આપે ઉમ્મતે મુસ્લેમહને એ પૈગામ આપો કે, "આ ચીઝ મારી કામિયાબીની રાહમાં રૂકાવટ છે", એના બદલે તમેં એમ કહો કે, "**આ ચીઝ મને કોઇ પણ કીમત પર હાસિલ કરવાની છે**". પછી તમેં ઈલાહી તાઈદના ઉમ્મીદવાર થાવ, જેથી તે ચીઝને તમારી કરવા વાસ્તે તમામ તાકત તમારામાં પૈદા થાય અને રૂકાવટો દૂર થાય. ★

## -::: અખ્બારે તૈયેબીયહ :::-

### ❀ મદ્રસહ તૈયેબીયહનો સનદ-નવાઝીનો પ્રોગ્રામ :-

તા.૨૦ શવ્વાલુલ મુકર્રમ ૧૪૩૨, ૧૮-૯-૨૦૧૧, રવિવારે, નૂરાની મસ્જિદ, બદરી મહલ્લહ મુકામે ફજેરે ૯:૦૦ વાગે ૪૧ માં દાઇએ મુત્લક, નાઇબે આલે હક્ક સૈયેદેના અબૂ ફિદાઅલી ફખરૂદ્દીન જીવાભાઇ બિન સૈયેદેના અમીરૂદ્દીન સાહબ (આ.કુ.) ના બુસ્તાને બદરીમાં ૮૫ માં ઉર્સ મુબારકના મૌકા પર મદ્રસહ તૈયેબીયહના ઝૈરે એહતેમામ એક યાદગાર પ્રોગ્રામ તરતીબ કરવામાં આવો હતો. આ પ્રોગ્રામની સદારત માઝૂનુદ્દાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દા.મ.) એ ફરમાવી હતી. તકરીબન ૪૦૦ નૌનિહાલોની હાઝરીમાં મજલિસની ઈબ્તેદા ખત્મુલ કુરઆનથી થઈ હતી, સદકલ્લાહની દોઆ બાદ મૌલા મુકદ્દસની દોઆએ વસીલહ પઢવામાં આવી હતી.

*(બકીયાહ પેજ નં. ૧૧ પર)*

**મખ્ફીમાં સદકો કરવું ખુદાના ગુસ્સાને બુઝાવી દે છે.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિકિર

### : મસાજિદની ઝિકિર : - કિસ્ત-૩

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, મસ્જિદ મુમેનીન વાસ્તે સુકૂન અને ઈત્મિનાનની જગા છે અને ઈબાદત વાસ્તે આઅલામાં આઅલા જગા છે, જ્યાં કોઈને સઝા કરવી નામુનાસિબ છે. લેહાઝા, મસ્જિદમાં કોઈના વાસ્તે જેએ ગુનાહ કીધા હોય તેના પર હુદૂદ-શરીઅત મુજબ સઝા ફટકારવામાં ન આવે. કુરઆને કરીમની તિલાવત અને નસીહતના કલામ સિવાય મસ્જિદમાં દુનિયાની કોઈ ગુફતગૂ, ગીબત યા ઝઘડો કરવામાં ન આવે. મસ્જિદ, આખેરત તરફ જાવા વાસ્તે પરહેઝગારીનો સાઝો સામાન તૈયાર કરવાની જગા છે, તો તેમાં વેપાર કરવાની નિય્યતથી કોઈ ચીઝ કોઈના પાસેથી ખરીદીને લેવામાં યા કોઈને વહેંચીને આપવામાં ન આવે. અલ્લાહતઆલા વેપાર વાસ્તે ફરમાવે છે કે, **તમેં મારી ઝિકિર કરીને હલાલ રોઝી કમાવવા નિકલી પડો.** મસ્જિદ, અલ્લાહનું ઘર છે અને નમાઝી જે કઈ મસ્જિદમાં કરે છે તે અલ્લાહની રઝામંદી વાસ્તે કરે છે. તો કોઈ નમાઝીની કોઈ ચીઝ ખોવાઈ જાય તો એ એમ સમઝે કે, તે અલ્લાહને નઝદીક અમાનત છે, આજે નહીં તો કાલે અલ્લાહ તેનો એવઝ એને આપી દેશે. લેહાઝા, તે ખોવાયેલી ચીઝ વાસ્તે ફિકર કરે નહીં અને જો કોઈને તે મિલી આવે તો તેના માલિક તરફ પાછી મોકલી આપે.

અલ્લાહતઆલાએ મુમેનીન પર જેહાદ કરવી ફરઝ કીધી છે. ઈમામે હક્ક તરફથી ફરમાન થાય તો મુમેનીન જેહાદ વાસ્તે તૈયાર થાય. મુશ્રેકીન, કાફેરીન યા મુનાફેકીન સાથે ઈમામે હક્કની હાઝરીમાં મૈદાનમાં જેહાદ કરવાનું ફરમાન છે. મસ્જિદ, ઈબાદત અને અમાન વાસ્તે મુકદસ જગા છે અને તે મસ્જિદની અદબમાં નથી કે, તલવાર કાઢીને કોઈના પર હમ્લો કરવામાં આવે. મસ્જિદમાં જેહાદ કરવા વાસ્તેની તૈયારીનું ઈમામે હક્ક તરફથી એલાન ઝરૂર કરવામાં આવે મગર તેમાં દુશ્મનો સાથે જંગ હરગિઝ ન થઈ શકે.

ઈબાદતગુઝારોની ઈબાદતમાં કોઈ ખલલ ન પડે તે વાસ્તે મસ્જિદમાં બાલિગ મુમેનીન-મુમેનાત સિવાય કોઈને દાખિલ કરવામાં ન આવે. બચ્ચાઓ કે જેઓ નાદાન હોય, શોર કરીને નમાઝીઓને ખલલ પહોંચાડતા હોય, ગૈર-ઈમાનદાર હોય, પાગલ-મજનૂન શખ્સ હોય, ફસાદ કરનાર શખ્સ હોય, અહલુલ બૈત (અ.સ.) ની દાઅવતમાં ન માનનાર હોય, તેઓથી મસ્જિદને બચાવવામાં આવે. જો આ મુજબ કરવામાં નહીં આવે તો મસ્જિદમાંથી કરારીયત, પાકી અને નૂરાનીયત ઉઠી જાશે, નમાઝીઓ પોતાના મકસદ તરફ પહોંચી શકશે નહીં અને **અલ્લાહતઆલા એવા લોગોને બંદરો અને સૂવરોની શિક્લમાં તબદીલ કરી દેશે.** એવી હાલતમાં તેઓની કોઈ ઈબાદત કાબિલે સવાબ બનશે નહીં પણ અલ્લાહની બારગાહમાંથી તે રદ કરી દેવામાં આવશે. ★

## -::: જેહાદ :::-

દાઈયુલ ઈરાકૈન સૈ.અહમદ હમીદુદ્દીન અલ-કિરમાની સાહબ (આ.કુ.) આપની કિતાબ "તન્બીહુલ હાદી વલ મુસ્તેહદી" માં ફરમાવે છે કે, જેહાદની ત્રણ કિસ્મો છે : (૧) રાહે ખુદામાં તલવારથી મરવું યા મારવું. (૨) પોતાના જાન (નફસ) ને તેની મનમાની અને શરીઅતને ખિલાફ જાવાથી રોકવું. (૩) અલ્લાહતઆલાની તૌહીદ અને એની દાઅવતના રૂહાની અને જિસ્માની હુદૂદ-દરજાની માઅરેફત કરવાની સાથે અલ્લાહ અને એની દાઅવતના દુશ્મનોથી બરાત કરવી. જેહાદની હરએક કિસ્મના સબબ મુમિનના જાનને એવી ફઝીલત મિલે છે કે, જેથી તેનો અસલ-જૌહર, શરીફ અને મુનવ્વર થાય છે. જેહાદ તે બાબે અઝીમ છે કે, જેથી ઈસ્લામ અને અહલે ઈસ્લામને અલ્લાહતઆલાએ ઈઝઝત બખ્શી છે, કુરઆનમાં તેની ફઝીલતનું બયાન કીધું છે. જેહાદથી જ મુમેનીનની જાનોને કૂવત અને શુજાઅતનો શરફ મિલે અને શુજાઅતનો મતલબ જ હક્કને અપનાવવું અને બાતિલને છોડવું છે. ★

**ફરઝની નમાઝ અદા કીધા બાદ જ નાફેલતની નમાઝ પઢી શકાય છે.**

## -::: ૧૨ સુન્નતો :::-
## કરાબતદાર-સગાઓ સાથે ખુશ તરીકાથી રિશ્તો રાખવો - કિસ્ત : ૬

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, સગાઓને મદદ કરવાથી અલ્લાહતઆલા ફરઝંદની દૌલત અને ઔલાદની નેઅમત ઈનાયત ફરમાવે છે તેમજ દૌલતો ઈઝઝતમાં વધારો કરે છે. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જે નૈકીના કામોનો બદલો અલ્લાહ ફૌરન આપે છે, તે રિશ્તેદારો સાથે મોહબ્બત રાખવી છે અને તેઓના હમ-ગમમાં સાથે રહીને મદદ કરવી છે. આ સિલસિલામાં આપના આ ઘણા જ નસીહત-આમૈઝ કલામ છે કે, "અહેસાનના કામો ઈન્સાનને બુરાઈના ખાડાઓમાંથી બચાવી લે છે અને છુપી રીતે સદકો કરવું અલ્લાહના ગુસ્સાની આગને બુઝાવી નાંખે છે."

મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ ફરમાવું છે કે, "**અય મુમિન ! તારૂં કુટુંબ તારી પાંખો છે અને તેના સહારાથી તું ઉડી શકે છે.** તે કુટુંબની મદદથી તું તારા દુશ્મનનો ડટીને મુકાબેલો કરી શકે છે અને ઝરૂરત પડે તો હમ્લો પણ કરી શકે છે અને કુટુંબના તારા સાથે હોવાના સબબ તારી ઈઝઝત વધે છે. તેઓ તારી મુશ્કિલીમાં તારા પડખે ઉભા રહેશે. તે વાસ્તે તું તેઓમાંથી બુઝુર્ગોને માન આપ, બીમારની ખબર લેવા જા, તારી હરએક બાબતમાં તેઓને ભાગીદાર બનાવ, તેઓ જે વક્ત મુશ્કિલીમાં હોય તો તેને દૂર કરવાની કોશિશ કર. અય મુમિન ! જે કોઈ તારા સગાઓમાંથી હોય અને તેના તરફ જો તું પગે ચાલીને જાય નહીં અને તારી દૌલતમાંથી જો તું તેને તારી તાકત મુજબ કઈ જ મદદ ન કરે, તો તે તારા રિશ્તાને તેનાથી તોડી નાખેલું ગણાય યા સગપણથી તું અલગ થઈ ગયેલો કહેવાય."

અય નૈક બિરાદરો ! સગાઓ સાથે મેલ-મિલાપ રાખવા વાસ્તે અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના બેશુમાર ફરમાનો અને બયાનો છે. તે મુજબ અમલ કરવાથી અપને નબી સાહબની સુન્નતો પર ચાલનારા થઈએ. નબી સાહબની શરીઅત અને સુન્નતમાં દીન તેમજ દુનિયા, એમ બેવેના ફાયદા સમાયેલા છે. અલ્લાહતઆલાએ અપને ઉપર જે જે ચીઝો ફરઝ કીધેલી છે, પછી તે નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ વગૈરા હોય, તે ખુદના વાસ્તે, યા કુટુંબના વાસ્તે યા સમાજના વાસ્તે હોય, તે ફાયદા અને રાહત આપનારી જ સાબિત થાશે. **મુમેનીનની ખુશી અને બહેતરી તેમાં જ છે કે, તેઓ અલ્લાહે બતાવેલી રાહે રાસ્ત પર ચાલે.** ફરઝો સિવાય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ સગાઓને માન આપવું અને તેઓને યાદ રાખવા, તે સુન્નત તરીકે મુકર્રર કીધી છે, જેના પર અમલ કરવાની આપે ખાસ તાકીદ ફરમાવી છે. હવે જો હરએક દૌલતમંદ ભાઈ પોતાના ગરીબ કુટુંબવાલાઓને મદદ કરતો રહે, ખયાલ રાખા કરે તો કુટુંબની બાતિની વાત અંદર જ રહે, કુટુંબનું માન-ઈઝઝત બરકરાર રહે અને બીજા ગૈર પાસે હાથ ધરવાનો વક્ત કોઈ વક્ત ન આવે. જે દૌલતમંદો નબી સાહબની આ સુન્નત પર અમલ ન કરે તો તેઓના દિલ પત્થર કરતા ઝિયાદહ સખ્ત છે અને તેઓના હાથ સુખી નહેર કરતા ઝિયાદહ સુખા છે કે, તેઓએ પોતાની દૌલતથી કોઈ નૈકી હાસિલ ન કીધી. આ સાથે કે, તેઓના આ દુનિયાથી વફાત થાવા પછી બીજાઓ દૌલતને હડપી જાશે. ★

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવતા કે, "અય કાફિર લોગો, હું તો તમારા જેવો ઈન્સાન છું, પણ મારા તરફ વહ્યે ઈલાહી આવે છે. હું બશરી તાકત અને ઈન્સાની હૈસીયત મુજબ તમારા જેવો જ રહું છું, પણ અલ્લાહતઆલાએ મને નુબૂવતથી ખાસ કીધેલો છે, જેમ કેટલાકને એં ઈઝઝતથી, કેટલાકને દૌલતથી યા કેટલાકને તંદુરસ્સતીથી મખ્સૂસ કરે છે. હું જો નબી ન હોત તો તમારા દરમિયાન આટલા બધા સાલ રહેવું એક ઈન્સાનની તાકતથી બાહર હોત. બલ્કે, અલ્લાહની કૂવત અને મદદથી હું ઝિંદા છું. તમેં મને મજનૂન (પાગલ) અને સાહિર (જાદુગર) કહો છો, એ વાતને બાવુજૂદ કે, મેં ૪૦ સાલ તક તમારા વાસ્તે અમાનતદાર હતો, સાચો હતો, ઈન્સાફ કરનાર હતો, આકિલ અને હુશિયાર હતો. અરે! અલ્લાહતઆલાએ તમારી અકલો પર પડદા નાંખી દીધા છે કે, તમારા સામે હકક છે અને તમેં તે હકકને જોઈ શકતા નથી. "

**ઘરમાં હરામના કામો કરવાથી રોઝીમાંથી બરકત ચાલી જાય છે.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### Sweat - પસીનો

હર એકનો પસીનો અલગ હોય છે, Body પસીનો બનાવીને પોતાને ઠંડી રાખે છે. અપની Body માં પસીનો સતત બને છે, જેની અપને ખબર પડતી નથી. રોઝમર્રાની activity થી, ગરમીના સબબે યા Nervous થઈ જાવાથી પસીનો નિકલે છે. પસીનાની ગ્રંથીઓ (Glands) બે Type ની હોય છે :

(૧) Eccrine - આ type ની ગ્રંથી શરીરમાં હર જગા હોય છે. ખાસ કરીને હથેલી, પગના તલીયા અને ચહેરા પર વધારે હોય છે.

આ Type ની ગ્રંથી જન્મથી active હોય છે અને આ ગ્રંથી ચામડીના permis નામના layer માં હોય છે. તેનું મૂઁહ સીધુ ચામડીની સતેહ (surface) પર ખુલે છે.

(૨) Apocrine - આ Type ની ગ્રંથી ઝિયાદહ તર બગલમાં અને Private Parts (શરમગાહ) પર હોય છે અને puberty યાઅની જવાનીના વક્ત active થાય છે, આ ગ્રંથીમાંથી બનેલા પસીનામાં proteins અને fatty acids હોય છે. આ Type ના પસીનામાં દર અસલ કોઈ smell હોતી નથી, મગર bacteria ની action, protein અને fatty acids પર થાવાથી smell આવે છે. આ ગ્રંથી જવાનીના વક્ત sex hormones ના effect થી active થાય છે.

જે પસીનો ગરમીના લીધે ઝિયાદહ થાતો હોય છે, તેમાં water, sodium, potassium જેવા salts (ક્ષાર) હોય છે. વધારે માં વધારે Body એક કલાકમાં બે થી ત્રણ લીટર પસીનો બનાવી શકે છે.

➡ **પસીનો થાવાથી શું થાય છે ?**

➪ પસીનો જે વક્ત ચામડી પર નિકલે છે, તો તેનું પાની બાહરની હવાના સંપર્કમાં આવે છે અને ભાઁપ (vapour) બનીને ઉડી જાય છે. આના સબબ ચામડી ઠંડી થાય છે અને Body ને air conditioning મિલે છે.

વધારે પડતો પસીનો થાય તો Body માં પાનીની અને ક્ષારની કમી પૈદા થાય છે, જેને Dehydration કહે છે. આ રોકવા ને વાસ્તે વધારે પ્રમાણમાં પાની પીવું ઝરૂરી છે.

જ્યારે અપને Nervous હોઈએ છીએ તે વક્ત પણ વધારે પસીનો થાય છે, જે ઠંડો હોય છે. આના કારણે હાથ-પગ ઠંડા થઈ જાય છે. આ type નો પસીનો થાવાની પ્રક્રીયા-અસ્બાબ અલગ હોય છે.

હર કોઈની ચામડી પર અલગ-અલગ bacteria હોય છે. હર કોઈની body અલગ-અલગ મિકદારમાં Prorein અને fatty acid પસીનામાં નિકાલે છે. આ ફરક ના લીધે હર કોઈના પસીનાની smell અલગ હોય છે.

Homoeopathy માં પસીનાની માત્રા, પસીનાની smell, પસીનાની pattern અને પસીનાને સાથે સાથે થાતા effects ના હિસાબે દવાઓ બદલાય છે. જેના સબબ Homoeopathic Doctor ખાસ કરીને પસીનાને લગતી વિગતો મરીઝને પૂછે છે. ★

* આજવા રોડઃ

**આરામ કલીનીક** : રવિવાર / બુધવાર : સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦, જુમોઆ : સાંજે ૫:૦૦ થી ૮:૦૦

* જહાંગીર પૂરા :

**ધર્મજવાલા ફીઝીયો થેરેપી સેન્ટર** : મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ ★

**દોઆતે કિરામ (આ.કુ.) ની ઝિકિર કરીને ઘરમાં બચ્ચાઓને નસીહત કરવી જોઈએ.**

## -::: અસ્હાબુલ યમીન :::- ૨૪ યમની દોઆતે હક્ક (આ.કુ.) ની મુબારક તારીખ

- **ખુસૂસીયાત :**
- હર દાઈએ હક્ક (આ.કુ.) ની તારીખ બાદ આપના હિકમતના કલામ.
- ૨૪ દોઆતના અલગ-અલગ અશ્આર.
- મુખ્તલિફ દોઆતે લખેલી કિતાબોની ઝિકિર. કઈ કિતાબમાં કઈ ચીઝોનું બયાન છે તેની તશ્રીહ.
- યમનમાં દોઆતના મુકદ્દસ મુકામાતના નકશા સાથે દિલકશ તસ્વીરો.
- પૂરેપૂરી તારીખ અને બયાનોનું ઈંગ્લીશ ઝબાનમાં તરજુમાનું અલગ સેક્શન.
- લેસાનુદ્દાઅવતના મુશ્કિલ અલ્ફાઝની આસાન સમઝ.
- ૨૪ દોઆતે હક્ક (આ.કુ.) ના નામ, તારીખે વફાત અને મુદ્દતે દાઅવતનો ગુજરાતી અને ઈંગ્લીશમાં કોઠો.
- **કિતાબનો હદીયો : રૂા. ૨૦૦/-**
- **હાસિલ કરવાની જગા :**

અલ-વિઝારતુલ અલવીયાહ, કસ્રે આલી તૈયેબી મહેલ, બદરી મહલ્લહ, વાડી, વડોદરા-૧૭.

- **ફોન :** ૦૯૬૮૭૩૨૫૨૪૨ - મુલ્લાં અમીરૂદ્દીનભાઈ
  ૦૯૯૦૪૨૨૧૦૯૦ - મુલ્લાં ઈબ્રાહીમભાઈ
  ૦૯૯૨૫૦૭૮૬૩૫ - ખાદિમ અલીભાઈ

મુંબઈ : ૦૯૭૬૬૯૯૩૦૬૬ - મુલ્લાં સિરાજઅલી (નફીસ). ★

### -------------::: અશ્આરે ખુસૂસી :::--------------

મરહબા, સલ્લે અલા, સુબ્હાનલ્લાહ, બ્રેવો કહેતેં હૈં હમ મુકાસિર સાબ,
જમ્અ કરકે દોઆત ચૌબીસ કે, કારનામેં કે ઉનકે ખોલે હૈં બાબ.

---

ગુઝરા હુઆ ઝમાના, ક્યા ખૂબ હોગા "અલવી", જબ દાસ્તાં પઢી તો યે આ ગઈ સમઝ ભી,
કૌલે નબી હે સચ્ચા, તુમ ઉસકો યાદ રખના, જો કેહ ગયે હૈં અપને, કરના વો હી અમલ ભી.

---

દાઅવતમાં આ યમન ભી કેવું અજબ નગર છે, સદકામાં પંજતનના એ પર ભલી નઝર છે,
દાઈ છે ફૂલ-ફલ તો કેવી મહેક-મહેક છે, મઝબૂત દાઅવતે હક્કનું આ જ તો શજર છે.
વિલગી રહ્યા શજરને, ફૌઝે અઝીમ પામા, શિક્લો શમલમાં તૈયેબ ખિલતું હુવું સમર છે.
હક્ક નો આ દીવો કાઈમ જલતો જ રહેશે લોગો, ઈકસીર છે આ રૌગન તેની જ આ અસર છે.
સચ્ચારા ઝગમગે છે દાઅવતના આસ્માઁમાં, કોઈ છે નજમ, શમ્સી, બદરી તો કોઈ કમર છે.
આ દીનના મુહાફિઝ ને ઢાલ થઈને રહીશું, હમને મિલી છે બેશક આ કીમતી ડગર છે.
નૈકીનું કામ કરવા દુનિયામાં મુમિન આવા, છે કૌલ આ અલીનો, માને જો ગર બશર છે.
બાગી ને મુન્હરિફ છે દાઅવતથી નાતો તોડી, ચૌમે હશરને ધારે મસ્કન એનું સકર છે.
છે આ દોઆત દીવા અંધારી ઝિંદગીના, રૌશન છે રાત ચારો ને ખુશ્નુમા સહર છે.
આ બેબહા ખઝાનો "અલવી" એ ખોલી આપો, કરજો અમલ તેના પર બસ આખરી સફર છે. ★

**મુમિનનું નામ જ બલા આવવા પર સબર કરવો છે.**

## -::: " ફાતેમા (અ.સ.) કી ચાદર " :::-

દાઅવતે હક્ક (આઅલલ્લાહો મનારહા) ના દોઆતે મુત્લકીન (આ.કુ.) ના સિલસિલાના **આ સાલ ૯૦૦** માં વરસના ખુશ-અવસર અને ૨૪ દોઆતે યમાનીયીન (આ.કુ.) ની કિતાબ **"અસ્હાબુલ યમીન"** ના શાયેઅ થાવાના તારીખી મૌકાને મદ્દેનઝર રાખીને આ ફાતેમી-તૈયેબી દાઅવતની શાન અને ફઝીલતમાં પાકીઝા અશ્આરની ચાદર, **"ફાતેમા કી ચાદર"** ના મઝમૂનના માતહત પૈશ કરવામાં આવે છે. મુમેનીન આ અશ્આરને પૂરી માઅરેફત સાથે પઢે અને બચ્ચાંઓને પણ પઢાવી તેને ઘરોમાં સાચવીને રાખે.

-------------------------

કોઈ ચાદર ભી ઈસ ચાદર કી સાની હો નહીં સકતી, **યે ચાદર ફાતેમા કી હે, પુરાની હો નહીં સકતી,**

ઈસી ચાદર કો હવ્વાને નિગારે ખુલ્દ મેં ઓઢા, ઝમીં પર ઈસકા સાની હે ન હે અફલાક પર જોડા.

ઈસી ચાદર કે સદકે મેં મુરાદેં સબ કી બર આઈ, ઈસી ચાદર કે સાયે મેં મરીઝોં ને શિફા પાઈ.

કયામત મેં ઈસી ચાદર કે સાયે મેં ચલા જાએ, કસમ અલ્લાહ કી ફિર ઉસકા બેડા પાર હો જાએ.

ઈસી ચાદર કો જિબરીલે અમીંસે હક્કને ભીજવાયા, યે ચાદર દે કે ફિર અલ્લાહને કુછ ઐસા ફરમાયા.

કે અય પ્યારે મોહંમદ ફાતેમા કી શાદી જબ કરના, મેરી જાનિબ સે યે તોહફા તુમ અપની બેટી કો દેના.

ઈસી ચાદર મેં કુલ હોવલ્લાહ કે મોતી લગાયે હૈં, ઈસી ચાદર મેં બિસ્મિલ્લાહ કે તાર સજાયે હૈં.

ઈસી ચાદર કે બીચોબીચ મેં અલ્લાહ લિખ્ખા હે, તો હર કોને કે ઉપર હયદરો હસ્નૈન લિખ્ખા હે.

યેહી ચાદર જનાબે હઝરતે શબ્બીરને ઓઢી, યેહી ચાદર જનાબે ઝૈનબે દિલગીરને ઓઢી.

ગરઝ યે ટુકડે ટુકડે હો ગઈ ફિર કરબલા જા કર, કફન બનકર નઝર આઈ હરએક મઝલૂમ કે તન પર.

ઈસી ચાદર કા ટુકડા અકબરે ગમખ્વારને પાયા, ઈસી ચાદર કા ટુકડા આબિદે બિમારને પાયા.

મિસિર તક સિલસિલા ચલતા રહા હક્ક કે ઈમામો કા, ઈસી ચાદર કી ઈસ્મત કા, રહે હક્ક કે કલામો કા.

યમન કી વાદીયોં મેં ફિરકે જબ યે સિંધ મેં આયી, દોઆતે મુત્લકીંને બાઅદબ સર પર ઈસે રખ્ખી.

ઈમાદુદ્દીન સે યે બદરૂદ્દીં મૌલા તલક પહોંચી, હુસામુદ્દીન ને ચાદર કો અપને ભાઈ સે પાયી.

અજબશા ઔર કુતુબશા હિન્દમેં ઈસ કે બને બાની, ઈસી ચાદર કી સૈયેદના અલીને કી નિગાહબાની.

નબીને કી જો હિજરત વો ઝિયાઉદ્દીંને દોહરાઈ, બડૌદે મેં બસી ચાદર યહાઁ જિસને અમાં પાઈ.

હમીદુદ્દીન, શમ્સુદ્દીં, શેહાબુદ્દીનને ઓઢી, તો સૂરતવાલે નૂરૂદ્દીનને તાબિંદગી બખ્શી.

કરીબન સો બરસ ચાદરને અપના જલ્વા દિખલાયા, યે અલવી ફિરકે કો દુનિયામેં ફખરૂદ્દીંને ચમકાયા.

પિસર બદરૂલ હોદા કે નૂરૂદ્દીં હૈં ઉનકા ક્યા કહેના, તરક્કી શોહરતો ઈઝઝત બની હે આજ એક ગહેના.

રૂકો "અલવી" ખતમ ઈસકી રવાની હો નહીં સકતી, **યે ચાદર ફાતેમા કી હે પુરાની હો નહીં સકતી.**

**ક્યું,**

**યે હી પાકીઝા ઔર નૂરાની ચાદર સે ઉજાલા હે, ઝિયાઉદ્દીન સાહબ કી બદૌલત નૂર ફૈલા હે.** ★

---------------------------------------

મોહતરેમહ મોકર્રમહ માઁ સાહેબા ખદીજતુલ કુબ્રા મીઠીબુ બિન્તે રજબઅલી (રિ.અ.) અને ઝાકેરહ રિઝવાનાબુ બિન્તે ભાઈસાહેબ યાહયાભાઈના ઈસાલે સવાબ વાસ્તે ફાતેહા પઢવા ગુઝારિશ છે. ★

**તમેં તમારા ઘરના લોગો પર સલામ પઢો કેમકે તેનાથી ખૈર વધે છે.**

## -::: Alavi Matrimony :::-
## શાદી વાસ્તેના રિશ્તાને આસાન બનાવવાની એક અદના કોશિશ

અપની કૌમી વેબસાઈટ www.alavibohra.org પર શહરૂલ્લાહ થી **Alavi Matrimony** શુરૂ કરવામાં આવી છે. આ ખિદમતને માતહત શાદી વાસ્તે રિશ્તો કરવાની ઉમ્મીદ રાખનાર ફરઝંદો-દુખ્તરો Online Form ભરીને પોતાના નામ દરજ કરાવી શકે છે. પૂરી તફતીશ થયા બાદ અને Form ના ચંદ કાનૂન પર ચાલા બાદ Register કરાવનાર ફરઝંદ-દુખ્તરની વિગત ઝાહેર કરવામાં આવશે. શાદીને લાયેક હર ફરઝંદ-દુખ્તર, મોટી ઉંમરના યા તલાક-શુદા આ Matrimony માં Register થઈ શકે છે.

આ Internet ના ઝમાનામાં હવે ઘણી બધી ચીઝો Online થાય છે અને જાણે આજના જવાનોને આ તરીકો સહેલો અને normal લાગે છે. **Alavi Matrimony** કાઈમ કરવા પાછલ હમારો ખરો મકસદ એ જ છે કે, કૌમના જવાનો દુનિયાના કોઈ પણ કોનામાં રહેતા હોય યા નોકરી કરતા હોય, અપની વેબસાઈટના ઝરીએ એકબીજાને જાણી શકે અને રિશ્તા કરવામાં એક હદ તક આસાની થઈ શકે.

આના સાથે તમેં વેબસાઈટ પર ....

(૧) અલ્લાહતઆલાના મુબારક નામો સાથે પોતાના નામના અદદ જાણી શકો છો.
(૨) નમાઝ અને પાકીના તફસીલથી ઈંગ્લીશમાં બયાનો પઢી શકો છે.
(૩) મુકદ્દસ મૌલાના ઉર્સની વિગતો જોઈ શકો છો.
(૪) હરરોઝની નૈક યા બદ ઘડીઓ જાણી શકો છો.
(૫) છેલ્લા પાઁચ સાલના "મિશ્કાતુલ હાદી" ના અંક લઈ શકો છો. ★

---

**ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની માઅરેફત કરવી, તે નૈક આઅમાલમાં અફઝલ છે. નૈક અમલો પણ ઈબાદતમાં શુમાર થાય છે. આપ મૌલાની મીલાદ હમને આપની માઅરેફત તરફ ઈઝન આપે છે, જે એક તરહની ઈબાદત છે. આપની માઅરેફતથી હમેં અલ્લાહતઆલા અને એના રસૂલોની માઅરેફત કરી શકીએ છીએ.**

---

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **ઇસ્માઇલભાઇ અલીહુસૈન ગોધરાવાલા**
વફાતની તારીખ : ૨૭ રમઝાન ૧૪૩૨ / ૨૬-૮-૧૧.
સરનામું : નાગપાડા, મુંબઇ.
ફોન : ૦૯૯૩૦૦૩૦૬૬૭

નામ : **ગુલામહુસૈન રજબઅલી લાલાવાલા**
વફાતની તારીખ : ૩ શવ્વાલ ૧૪૩૨ / ૨-૯-૧૧
સરનામું : અલી ચેમ્બર્સ-૧, તૈયબી પાર્ક, આજવા રોડ, વડોદરા.

નામ : **હારૂનઅલી રજબઅલી ઉદાવાલા**
વફાતની તારીખ : ૭ શવ્વાલ ૧૪૩૨ / ૫-૯-૧૧
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.

નામ : **સૈફૂદ્દીન રજબઅલી ગોદીવાલા**
વફાતની તારીખ : ૧૧ શવ્વાલ ૧૪૩૨ / ૯-૯-૧૧
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૦૯૭૨૪૮૬૨૨૨૦

નામ : **બદરૂદ્દીન ગુલામહુસૈન ચારણીવાલા**
વફાતની તારીખ : ૧૮ શવ્વાલ ૧૪૩૨ / ૧૬-૯-૧૧
સરનામું : અલવી એપાર્ટ., પાણીગેટ, વડોદરા.
ફોન : ૦૨૬૫-૩૨૯૨૩૫૫

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**લોગોને જમાડનાર મૈઝબાન તમામ કરતા છેલ્લા જમે.**

## -::: દોડ :::-

દિનરાત દોડતા-ભાગતા ઈન્સાનને ખુદને વાસ્તે જ વકત નથી. મોબાઈલમાં બધાનાં નામો છે, નંબરો બરાબર સ્ટોર કીધેલા છે. સેકન્ડમાં લીલા બટનને દબાવી દૂર-દૂરનાં તઅલ્લુકવાલાઓને, સાત સમંદર પાર રહેતા અપને ચાહતા રિશ્તેદારોને સાથે વાત કરવું કેટલું સહેલું અને સસ્તું છે, પણ દોસ્તો-બિરાદરો સાથે રૂબરૂ મિલીને ગુફતગૂ કરવાનો વકત નથી. આઁખો ઊંઘને તરસે છે અને રાહતથી સુવા વાસ્તે પણ વકત નથી.

દૌલત અને તરક્કીની આ દોડમાં થાક ખાવા વાસ્તે તો વકત નથી, તો પછી બીજાએ કરેલા અહેસાનને તો કઈ તરહ ઈન્સાફ આપી શકાય ? દિલમાં ખુશી હોય પણ તેના ઈઝહારે તબસ્સુમ વાસ્તે કોઈની પ્યારભરી સોહબત કરવાનો વકત ન હોય, હર ઘડી-પલપલ થાકતો જાય, મરતો જાય, પણ ઝિંદાદિલીની ઝિંદગી જીવવા વાસ્તે વકત નથી.


અચાનક મોબાઈલની રીંગ વાગે છે. એક જ શહેરના બીજા છેડા પર રહેતા અઝીઝ દોસ્તના નાગહાની મૌતનો તે રીંગ પૈગામ લઈને આવે છે. જે દોસ્તની મુલાકાત કરવા અનેક વાર વિચારેલું, વચન આપેલું અને તેએ સુકૂનથી વાત કરવાની, સાથે બેસવાની અને ગુઝરેલા જવાનીના દિનોની પુરફરહત વાતોને તાઝા કરવાની ઉમ્મીદ રાખી હતી, પણ **“All is gone with death-wind”**. તે ચોંકી ઉઠે છે, સ્તબ્ધ બની જાય છે, બેકલામ થઈ જાય છે. સવાલો, ફિકરો અને ઝિંદગીની ગડમથલની ગુથ્થીઓથી દિલ સંકોચાઈ જાય છે. ઝિંદગીની રફતાર પાછલની બેબસી એને ખૂનના આંસૂ રોવડાવે છે અને દોસ્તને ન મિલી શકવાનો અફસોસ સતાવે છે.

આ દોડ શાને વાસ્તે ? આઁખ અને નઝારાઓના તાલ તૂટી જાય, પગલા અને રસ્તાના લય ખોવાઈ જાય, આવાઝ અને કાન દરમિયાન ખામોશી ફેલાઈ જાય, હાથ અને સાથ વચ્ચેના ફાસલા વધી જાય, દિલ અને વાતોની દોર કપાઈ જાય, ઝિંદગીની સાંજના સાયા લંબાઈ જાય તે પહેલા ઝિંદગી અને રિશ્તાઓનો લુત્ફ ઉઠાવી લઈએ વાસ્તે જ .... **“Don’t Run Fast”**. ★

## -::: મુબારક બાદી :::-




**નાઝનીન રોનકઅલી નડીયાદવાલા**
**ઉંમર : ૯ સાલ**



**આફતાબ અલીઅસગર જરીવાલા**
**ઉંમર : ૧૨ સાલ**



**અઝરા અલીઅસગર જરીવાલા**
**ઉંમર : ૧૦ સાલ**



**અલીઅસગર શબ્બીર અમદાવાદવાલા**
**ઉંમર : ૧૨ સાલ**

આ નૌનિહાલ ફરઝંદો/દુખ્તરોએ કમસિનીમાં આ સાલ શહરૂલ્લાહિલ હરામના પૂરા મહીના યાઅની મુસલસિલ ૩૦ દિનોના રોઝા રાખેલા છે, જે કાબિલે દાદ અમલ છે. આ ઉંમર ભૂખ-પ્યાસને બરદાશ્ત કરીને, તમામ મહેનતોનો સામનો કરીને રોઝા વાસ્તે પોતાની ઝાતને તૈયાર કરવી ઘણી જ મોટી વાત છે. દીનદારીની આ નિશાની ને અલ્લાહતઆલા તરક્કી બખ્શીને હર રોઝદાર બચ્ચાને એક કામિલ મુમિન બનવાની નૈક તૌફીક અતા ફરમાવે. ★

**ઈન્સાનના નૈક વિચારો એના નૈક જાવા પર અને નૈક સાંભલવા પર આધાર રાખે છે.**

**ખુદાનું કોઈ એક ફરમાન ન માનવું, જાણે પૂરી શરીઅતને ન માનવા બરાબર છે.**

-::: ઝાહેર ખબર :::-

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

## રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭. ★**

---

## SAT KABIR MOTORS

* Service & all type of Repairs for all Car's
* CNG & LPG Govt. Approved Kit Fitting.
* Service with Quality, Confidence & Honesty.
* Sp. Offers :- 10% discount on Mechanical Labour Work.

Manager : **M. S. PAGHDIWALA** M.: 9824058318
Ph.(Office) : 2361318 / 9824032629

**Address : Opp. Phoenix Complex, Near Suraj Plaza Building, Sayajigunj, Vadodara - 390 005.** ★

---

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એક્સચેન્જ,
પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

-::: ઝાહેર ખબર :::-

## બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

---

## ★ FINE ART ★

**સગાઇ, શાદીના ખુશીના અવસર માટે આકર્ષક ડિઝાઇનવાલા એન્વેલપ (કવર) તથા ઇદ, દિવાલી, બર્થ ડે માટે ગ્રીટીંગ કાર્ડ બનાવી આપવામાં આવશે.**

**બુરહાના એમ. ગોદીવાલા**
એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.
**M.: 9998582716.** ★

---

## બુરહાની સ્વીટ માર્ટ

**દરેક પ્રકારની મીઠાઇના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.**


**જુના અને જાણીતા પ્રખ્યાત મીઠાઇવાલા**
***એક વખત પધારી, ખાત્રી કરો.***

૩૦૬, સકીના એપાર્ટમેન્ટ, રામપાર્ક, આજવા રોડ,
વડોદરા - ૩૯૦ ૦૧૯..
**અબ્બાસભાઇ મીઠાઇવાલા**
**મો.: ૯૮૯૮૬૮૪૪૧૨ / ૯૮૯૮૧૯૬૯૪૩.** ★

---

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઇટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

-::: Best Wishes :::-




Brother **Ali Abbas Shafakat Husain Kanjariwala** has passed Master of Computer Application (M.C.A.) in June 2011 with 65% of marks (I class) from Indira Gandhi National Open University, New Delhi. ★

**અમલ બગૈરનું ઈલ્મ સુખી ઝમીનમાં બીજ ડાટવા જેવું છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....




**ઊભી તરકીબ :**

(૧) ----- નબીના દુશ્મન આદ લોગો હતા. (૨)

(૨) ફૈયાઝદિલ શખ્સ અલ્લાહનો પ્યારો હોય છે, અને ---- શખ્સ અલ્લાહનો નાપસંદીદહ હોય છે.(૩)

(૩) અલ્લાહતઆલા હર શખ્સના ખભા પર ---- અને અતીદ ફરિશ્તાને મુકર્રર કરે છે. (૩)

(૭) જેમ કયામત નઝદીક થાશે તેમ હક્કના મુમેનીન ----- થાતા જાશે.(૨)

**આડી તરકીબ :**


(૨) હિજરત કીધા બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ સૌથી પહેલા કુફ્ફાર સામે જંગે ---- લડી હતી.(૩)

(૪) સખાવત કરનાર શખ્સ. (૨)

(૫) સૈ. અમીરૂદ્દીન સાહબના બૈરો માઁ-સાહેબા ઊમ્મુલ મુમેનીનનું નામ. (૨)

(૬) હર દરજાના સાહબનું નામ, ----- અને કુનીયત હોય છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




★

**ગયા શુમારાનો સહીહ જવાબ આપનાર :**

**ખિઝિરઅલી ભા.સા.અમીર હમ્ઝાભાઇ**

*(પેજ નં. ૨નું બાકી)* ***અખ્બારે તૈયેબીયાહ....***

માઝૂનુદ્દાઅવત (આ.કુ.) એ પોતાની તકરીરમાં ફરમાવું હતું કે, "આજે મારા નઝદીક તાલિબે ઈલ્મ બચ્ચાઓ સાથે તેઓના વાલેદૈન બેસેલા છે. **અલ્લાહતઆલાનું ઘણું મોટું એહસાન છે કે, મદ્રસહની તાઅલીમ બચ્ચાઓ વાસ્તે કાઇમ છે.** સાહબે દાઅવતની નિગરાનીમાં જમાઅતના ઉસ્તાદ સાહબો અહલે બૈત (અ.સ.) નું ઈલ્મ બચ્ચાઓના દિલોમાં ઝિંદા રાખવા તદબીર કરી રહ્યા છે. આ ઈલ્મ એક કીમતી નેઅમત છે, જે કોઈ વક્ત ખત્મ થાનાર નથી. જમાઅતમાં દીની તાઅલીમનો નિઝામ પાએદાર છે, તો કોઈ પણ બચ્ચું આ નેઅમતથી મહેરૂમ ન રહેવું જોઈએ. અધૂરી તાઅલીમથી કોઈ ફાયદો નથી. પૂરેપૂરૂં દીની ઈલ્મ હશે તો જ શરીઅતને જાણી શકાશે. **"ફારિગુત્તહેસીલ"** નું સર્ટીફીકેટ હાસિલ થયા બાદ બચ્ચાઓ એમ ન સમઝે કે, તેમની દીની તાઅલીમ પૂરી થઈ ગઈ, વાલેદૈન બચ્ચાઓને મદ્રસો હરગિઝ ન છોડાવે પણ મીસાક થાય ત્યાં તક તાઅલીમ જારી રાખે. હમેં ઝરૂર કોશિશ કરીએ છીએ કે, મોટા બચ્ચાઓ વાસ્તે હફતામાં એક યા બે દિન એક ખુસૂસી કલાસ હોય, ઈન્શાઅલ્લાહ એ પણ થાશે."

આપ મૌલાની પુરનસીહત તકરીર બાદ જે બચ્ચાઓ મદ્રસહની આખરી કલાસની તાઅલીમ પૂરી કરી ચૂકેલા છે તેઓને **"ફારિગુત્તહેસીલ"** નું સર્ટીફિકેટ આપવામાં આવું. જે નૌનિહાલોએ પહેલી વાર શહરૂલ્લાહિલ હરામ મહીનાના પૂરા ૩૦ દિનના રોઝા રાખા હતા, તેઓની તોહફો આપી હોંસલા અફઝાઈ કરવામાં આવી. આ સાથે આ સાલ જૂન મહીનાના મદ્રસહના સાલાના ઈમ્તેહાનમાં મુખ્તલિફ કલાસીસના બચ્ચાઓ પહેલા-બીજા-તીસરા નંબર પર કામિયાબ થયા હતા, તેઓને પણ તોહફો ઈનાયત કરવામાં આવો. બિલ-જુમ્લા આ પ્રોગ્રામથી બચ્ચાઓમાં એ વાત ઝહેન-નશીન થઈ કે, જો હમેં તાઅલીમને મુકમ્મિલ હાસિલ કરીશું, ઈમ્તેહાનમાં મહેનત કરીશું તો હમને પણ સેંકડો બચ્ચાઓની સામે સનદ અને તોહફો આપવામાં આવશે. ★

**એક બીજાની મુલાકાત કરવાથી મોહબ્બત વધે છે,**

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::-
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૬

અલ્લાહો અકબર ! મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) ના ઝોહદ-દીનદારી અને તકવા-ખૌફે ખુદાની શું ઝિકિર થઈ શકે. આપનો ઝોહદ અને દુનિયાના આરામને છોડી દેવા પર આ જ દલીલ કાફી છે કે, આપની પૂરી ઉંમર યાઅની મૌત આવવાના વક્ત તક આપે દુનિયામાં રહેવા વાસ્તે પોતાનું કોઇ મકાન તાઅમીર કીધું ન હતું. પણ આપની સાદાઇ એ મુજબ હતી કે, આપ દીવાલો યા ઝાડના સાયામાં સુઇને રાતો ગુઝારતા હતા. એક વક્ત એક શખ્સને આપની હાલત ઉપર રહેમ આવો અને અરઝ કીધી કે, અય ખુદાના સઈદ અને પસંદીદહ બંદા ! હું ચાહું છું કે, આપના રહેવા વાસ્તે એક મકાન બનાવી આપું. આપે ફરમાવું કે, **અય ભાઇ ! આ દુનિયાની ચંદ દિનોની ઝિંદગી વાસ્તે મકાનની શું ઝરૂરત છે ?** તે શખ્સે અરઝ કીધી કે, હું આપને એ મુજબનું મકાન બનાવી આપીશ કે, જે આપને ઘણું જ પસંદ આવશે. યાઅની કે, તે એ મુજબ બનશે કે, અગર આપ તેમાં ઉઠવા ચાહો તો તેની છત આપના માથાને લાગે અને જો આપ તેમાં સુવો તો તેની દીવાલો સાથે આપના પગો ટકરાય. ઘરની આ કૈફીયત સાંભલી મૌ.સલમાન ખુશ થઇ ગયા અને ફરમાવું કે, હાઁ ! આ જ તરહનું ઘર મને પસંદ છે કે, જેમાં મારી ઓછામાં ઓછી ઝરૂરીયાત પૂરી થઇ શકે અને ખુશી સાથે કબરમાં જાવાનો શૌક પૈદા થઇ શકે.

આપ હમેશા જાડા-મોટા કપડા પહેરતા હતા, ઠીંગડા મારેલા પોતે સીવેલા કપડામાં રહેતા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે અકસર વક્ત ગુઝારતા. જવની રોટલી, નમક, ખજૂર યા ગોશતની ગિઝા જમતા અને ઘણી જ સાદગીમાં ઝિંદગી બસર કરતા હતા. યહાઁ તક કે, આપના ઈન્તેકાલના વક્ત આપના પાસેથી **ફક્ત એક પાનીનો લોટો, કલમ-દવાત અને પાની વાસ્તે ચામડાની મશ્કી,** આ તીન ચીઝો સિવાય બીજું કંઇ નિકલું નહીં. રિવાયતમાં છે કે, આ તીન ચીઝોને પણ આપ વફાત પહેલા સદકો કરી ચુકા હતા.

મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના વક્તમાં આપ મદાઈનના આમિલ હતા, તે વક્ત આપને પાઁચ હઝાર દીનાર બૈતુલ માલમાંથી વઝીફો મિલતો હતો. મગર આ વઝીફામાંથી આપ પોતાના વાસ્તે એક દિરહમ પણ ખરચતા ન હતા પણ આ સઘલા પાઁચ હઝાર દીનાર મુમેનીનમાં જે હાજતમંદ હોય તેમાં તકસીમ કરી દેતા હતા. આપ આપનો ગુઝારો એ મુજબ કરતા હતા કે, આપ ખજૂરીના પત્તાઓની હસીર બનાવી વહેંચતા હતા અને તેમાંથી પણ જે કંઇ અલ્લાહતઆલા આપને રોઝી ઈનાયત કરતા યા કંઇ પણ આપના પાસે બચતું તેને ફકીરોમાં સદકો કરી દેતા હતા. ★

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુબંઇમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★